વડીલોને વંદન અભિનંદન

મંજુલાબેન.આર. પારેખ
(૧૯૪૮)ફોન: ૨૩૨૩૩૮૧૬

ધનસુરા તાલુકા યુવા વિકાસ મંચની સ્થાપના

પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર અને સા.કા. જિ. ભાજપ મંત્રી અતુલ બ્રહ્મભટ્ટની ઉપસ્થિતિમાં

ધનસુરા, તા.૧

ધનસુરા તાલુકાના યુવા ધનને એકત્રીત કરી સારા માર્ગે વાળવાના આશયથી તાલુકામાં યુવાનોએ ધનસુરા તાલુકા યુવા વિકાસ મંચની સ્થાપના કરતાં કન્વીનર તરીકે યુવા અગ્રણી અજય ઠાકોરની નિમણુંક કરવામાં આવેલ છે. આ સાથે તેમની ટીમમાં સુનિલ ઠાકોર, મુળજી ઠાકોર, રણજીત ઠાકોર, લાલાભાઈ ઠાકોર, બાબુભાઈ ઠાકોર, વિકી ઠાકોર, વિપુલ ઠાકોર વિગેરે જોડાયા છે. આ ટીમના સભ્યોએ ધનસુરા તાલુકાના ગામેગામ ફરી યુવાનોમાં જાગૃતિ લાવી તેમને યોગ્ય માર્ગે વાળવા અને સંગઠનમાં જોડાવા અપીલ કરી છે. ધનસુરા તાલુકા યુવા વિકાસ મંચની સ્થાપનામાં સહકાર આપનાર સાબરકાંઠા જિલ્લા ભાજપ મંત્રી અને અગ્રણી યુવા કાર્યકર અતુલભાઈ બ્રહ્મભટ્ટનો આ યુવા મંચે આભાર માન્યો હતો.

અવસાન નોંધ

દેના બેંકના નિવૃત્ત અધિકારી અને ગુરૂ નામથી જાણીતા જયોતિન્દ્રકુમાર ઈશ્વરલાલ ત્રિવેદીના ધર્મપત્ની અને સુભાષભાઈ જે. ઠાકર (ટી.વી. કલાકાર)ના બહેન ઉર્મિલાગૌરી જે. ત્રિવેદીનું તા. ૨૯ ડિસેમ્બર રવિવારના રોજ અવસાન થયેલ છે.

ગુજરાતમાં આમ આદમી પાર્ટીની ધમાકેદાર એન્ટ્રી

ભાજપના બે પૂર્વ ધારાસભ્ય હવે આમ આદમી પાર્ટીમાં

મહુવાના પૂર્વ સભ્ય કલસરીયા, લાઠીના પૂર્વ ધારાસભ્ય હનુભા ધોરાજીયા આપમાં જોડાતા ભાજપમાં ખળભળાટ

અમદાવાદ, તા.૦૧

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી દેશના સાંપ્રત રાજકારણને નવી દિશા ચીંધનાર આમ આદમી પાર્ટીએ વર્ષ ૨૦૧૪ના પ્રારંભના પ્રથમ દિવસે જ ગુજરાતમાં ધમાકેદાર એન્ટ્રી કરી નરેન્દ્ર મોદીને સીધો પડકાર ફેક્યો છે. આજે ભાજપના બે ભૂતપૂર્વ ધારાસભ્યો ડો. કનુભાઈ કલસરીયા તથા હનુભા ધોરાજીયા આમ આદમી પાર્ટીમાં જોડાઈ જતાં ગુજરાતના રાજકારણમાં ભારે ખળભળાટ ફેલાઈ ગયો છે.

મહુવાના ભાજપના પૂર્વ ધારાસભ્ય ડો. કનુભાઈ કલસરીયા તથા લાઠી લીલીયાના પણ ભાજપના પૂર્વ ધારાસભ્ય હનુભા ધોરજીયાનો આમ આદમી પક્ષમાં પ્રવેશ આજે રાજયભરમાં તરેહ-તરેહની ભારે ચર્ચા જગાવી હતી. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપ સરકારને નિરમા સિમેન્ટ પ્લાન્ટના મુદ્દે ઘેરનાર તથા આ પ્લાન્ટ સામે જન આંદોલન જગાવનાર ડો. કનુભાઈ કલસરીયા અરવિંદ કેજરીવાલની જેમ સ્વચ્છ પ્રતિભા ધરાવનાર વ્યક્તિ છે. તેઓ ત્રણ ટર્મ સુદી ભાજપના ધારાસભ્ય તરીકે રહ્યા છતાં પક્ષમાં તેમની વાત સંભળાતી નહિં હોવાથી તેમણે છેવટે "આપ"માં જોડાવવાનો નિર્ણય કર્યો હતો.

આજે સવારે અમદાવાદના સુભાષબ્રીજ ખાતે આરટીઓ સર્કલ પાસે આપની સભ્ય નોંધણી ઝુંબેશ દરમિયાન વિધિવત રીતે આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા હતા. આ પ્રસંગે તેમણે અહીં પક્ષના સભ્ય બનવા ઉમટી પડેલા લોકોને ટૂંકુ સંબોધન કરતા જણાવ્યું હતું કે હું ભાજપમાં ત્રણ ટર્મ સુધી ધારાસભ્ય રહ્યો હતો પરંતુ પક્ષમાં મારૂં કોઈએ સાંભળ્યું નહીં તેથી હવે હું આમ આદમી પાર્ટીમાં જોડાઉ છું. હવે એમ ઝડપથી કાદવ સાફ કરીશું અને ગુજરાતમાંથી કોંગ્રેસનો સફાયો કરીશું તેમણે ઝાડુ ઉંચુ કરી લોકોનું અભિવાદન કર્યુ હતું.

આમ આદમી પાર્ટી દ્વારા આજે સવારથી જ આરટીઓ સર્કલ સુભાષબ્રીજ ખાતે સભ્ય નોંધણી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આ કાર્યક્રમના ભાગરૂપે ડો. કનુભાઈ કલસરીયા આજે આપમાં જોડાયા હતા. જ્યારે બીજી તરફ ભાજપના લાઠી લીલાયાના ભૂતપૂર્વ ધારાસભ્ય હનુભા ધોરાજીયા પણ આપમાં જોડાયા હતા. તેઓ હાલમાં સુરત ખાતે રહે છે અને તેઓ વર્ષ ૨૦૦૭થી ૨૦૧૨ સુધી અમરેલી જિલ્લાની લાઠીની બેઠક પરથી ભાજપના ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

ગાંધીનગરમાં વડાપ્રધાન પદનાં ભાજપનાં ઉમેદવાર માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં ફોટાવાળા મોબાઈલ કવર બજારમાં મળી રહ્યા છે.
(તસવીર : કશ્યપ નિમાવત)

૧૩ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ

ગુજરાત બોર્ડ પરીક્ષા ૨૪મી માર્ચ સુધી ચાલશે : સામાન્ય પ્રવાહની પરીક્ષા ૧૩મી માર્ચથી ૨૯મી માર્ચ સુધી ચાલશે

અમદાવાદ, તા.૦૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે જે મુજબ ધોરણ-૧૦ની પરીક્ષા ૧૩ માર્ચ ૨૦૧૪થી શરૂ થશે. જે ૨૪ માર્ચ ૨૦૧૪ સુધી ચાલશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૧૩ માર્ચથી ૨૯ માર્ચ સુધી ચાલશે જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ચોથા સેમેસ્ટરની પરીક્ષા ૧૬ માર્ચથી ૨૪ માર્ચ અને ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર બેની પરીક્ષા બે એપ્રિલથી નવ એપ્રિલ દરમ્યાન લેવામાં આવશે. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-એપ્રિલ ૨૦૧૪માં લેવામાં આવનાર ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે જેમાં ધોરણ-૧૦માં ૧૩ થી ૨૪ માર્ચ દરમ્યાન પરીક્ષા લેવામાં આવશે. તમામ વિષયોની પરીક્ષા બે ભાગમાં લેવામાં આવશે. પ્રથમ ભાગમાં બહુવિકલ્પ પ્રકારના ૫૦ પ્રશ્નો હશે જેના ગુણ ૫૦ રહેશે જ્યારે બીજા ભાગમાં વર્ણનાત્મક અને લાંબા પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થયો છે. દરેક પ્રશ્નપત્રમાં ૧૫ મિનિટનો સમય વિગતો લખવા અને પ્રશ્નપત્ર વાંચવા માટે આપવામાં આવશે જ્યારે વિભાગ એકના પ્રશ્નપત્ર લખવા એક એક કલાક બંને વિભાગના પ્રશ્નો લખવા માટે આપવામાં આવશે. જ્યારે વૈકલ્પિક વિષયોની પરીક્ષા શાળાઓ દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૪માં લેવામાં આવશે. તમામ પેપર સવારના ૧૦:૦૦ થી ૧૩:૨૦ કલાક દરમિયાન લેવામાં આવશે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ચોથા સેમેસ્ટરની પરીક્ષા ૧૩ માર્ચથી ૨૪ માર્ચ દરમિયાન લેવાશે જેમાં પણ તમામ વિષયોની પરીક્ષા બે વિભાગમાં લેવાશે. ઉપરાંત રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને જીવવિજ્ઞાનની પ્રેક્ટિકલ પરીક્ષા શાળાઓ માં ફેબ્રુઆરી મહીનામાં લેવાશે. આ પ્રેક્ટીકલ પરીક્ષાના ગુણ શાળાઓએ ૧૦મી માર્ચ સુધી બોર્ડને મોકલવાના રહેશે. આ પરીક્ષાના તમામ પેપર બપોરે ૩:૦૦ થી ૬:૩૦ કલાક દરમિયાન લેવાશે જ્યારે ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમેસ્ટરની પરીક્ષાનું બીજી એપ્રિલથી ૯ એપ્રિલ વચ્ચે લેવાશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ઉત્તર બુનિયાદી પ્રવાહની પરીક્ષા ૧૬ માર્ચથી ૨૮ માર્ચ દરમિયાન લેવાશે. ધોરણ-૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષા ૨૦ માર્ચથી ૨૬ માર્ચ દરમિયાન લેવાશે.

શીલજ સર્કલ પાસે હિટ એન્ડ રનમાં એકનું મોત

ગતરાત્રીના નવા વર્ષને આવકારવા માટે શહેરના અલગ-અલગ વિસ્તારમાં ધામધૂમથી ઉજવણી થઈ રહી હતી ત્યારે બીજી તરફ શીલજ સર્કલ પાસે રાત્રીના પગપાળા ચાલીને જઈ રહેલા બે યુવકોને કારે અડફેટે લીધા હતા. મૂળ મધ્યપ્રદેશના બંને યુવકોપૈકી એકનું ગંભીર ઈજાના પગલે ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું જ્યારે અન્ય એક શખ્સને ઈજા થતાં સારવાર અર્થે સોલા સિવિલ ખસેડવામાંઆવ્યો હતો. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, મુળ મધ્યપ્રદેશના અને થલતેજ સ્થિત ખાનગી વિમા કંપનીમાં નોકરી કરતાં ૨૬ વર્ષીય અંકિત શિવશંકર નાદેડકર તથા મધુ રામકિશન ગોતે ગતરાત્રીના ૧૦:૩૦ વાગ્યાના સુમારે નોકરીથી પરત ફરીને શીલજ સ્થિત ભાડેના મકાનમાં જઈ રહ્યા હતા. પગપાળા જઈ રહેલા આ બંને યુવકોને શીલજ સર્કલ પાસે એક કારે પાછળથી ટક્કર મારીને ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં અંકિત નાદેડકરનું ગંભીર ઈજાના પગલે મોત નિપજ્યું હતું જ્યારે મધુ રામકિશનને ઈજા થતાં સારવાર અર્થે સોલા સિવિલ ખસેડાયો હતો.

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, અમદાવાદ દ્વારા આયોજિત ખાદી ઉત્સવ ૨૦૧૩-૧૪ને લોકો દ્વારા અભુતપૂર્વ પ્રતિસાદ મળેલ છે. શનિ-રવિની રજાઓમાં વિક્રમજનક વેચાણ થયેલ છે. ખાદી ઉત્સવમાં 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની ઓડીઓ વિઝ્યુઅલ માહિતી થીમ પેવેલીયમ દ્વારા આપવામાં આવે છે તેનો લોકોએ બહોળા પ્રમાણમાં લાભ લઈ સરાહના કરેલ છે. જે અંગે વિઝીટર્સ બુકમાં પ્રતિસાદ પણ આપેલ છે તથા ૩૦ જેટલા સખી મંડળોએ પણ ઉત્સાહભેર ભાગ લીધેલ છે. ખાદી વસ્ત્રનો રોજિંદા જીવનમાં ઉપયોગ વધારી અમોને પ્રેરણા આપવા દરેક મુલાકાતીઓનો ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ ખૂબ ખૂબ આભાર માને છે.

અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ વચ્ચે તીવ્ર ઠંડી

અમદાવાદ, તા.૧

અમદાવાદ સહિત ગુજરાતમાં આગામી ૧૨ કલાક દરમિયાન કોલ્ડવેવ યથાવત રહેવાની ચેતવણી હવામાન વિભાગ દ્વારા ફરી જારી કરવામાં આવી છે. અમદાવાદ સહિત રાજયના મોટા ભાગના વિસ્તારોમાં તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ રહી હતી. રાજયના કેટલાક ભાગોમાં પારો ગગડ્યો હતો જ્યારે કેટલાક ભાગોમાં પારો વધ્યો હતો જેથી કેટલીક જગ્યાએ વધારે ઠંડી અને કેટલીક જગ્યાએ ઓછી ઠંડીનો અનુભવ થયો હતો. અમદાવાદ શહેરમાં વાદળછાયુ વાતાવરણના કારણે ઠંડા પવનોની અસર લોકોને અનુભવાઈ હતી. અમદાવાદમાં ગઈકાલની સરખામણીમા વધારે ઠંડીનો અનુભવ લોકો કર્યો હતો અલબત્ત અમદાવાદમાંઆજે તાપમાન વધીને ૧૩.૧ ડિગ્રી થયુ હતુ જે ગઈકાલે ૧૦.૬ ડિગ્રી હતુ. બીજી બાજુ નલિયામાં સૌથી વધારે ઠંડી નોંધાઈ હતી. જો કે ગઈકાલના ૩.૬ ડિગ્રીની સરખામણીમાં આજે પારો વધીને ૫.૫ ડિગ્રી ઉપર પહોંચી ગયો હતો. સમગ્ર રાજ્યમાં શીત લહેર જોવા મળી રહી છે. રાજ્યમાં ફરી વળેલા કાતિલ ઠંડીના મોજાથી પ્રજાને આજે કોઈ રાહત મળી ન હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યનું સહુથી ઓછું તાપમાન આજે નલિયા ખાતે ૫.૫ ડિગ્રી નોંધાયું હતું. કાશ્મીર અને હીમાચલ પ્રદેશ વગેરે રાજ્યોમાં થયેલ બરફ વર્ષાને પગલે ઉત્તરપૂર્વીય રાજ્યમાંથી વહેતા બર્ફીલા પવનને લીધે દેશના અનેક ભાગોમાં હાડથીજવતી ઠંડી પડી રહી છે. ઠંડીનો ચમકારો યથાવત રહેતા લોકો હવે ગરમ વસ્ત્રોમાં નજરે પડી રહ્યા છે.

પ્રદીપ શર્મા બદનક્ષી કેસ પર આજે મહત્ત્વપૂર્ણ ફેંસલો થશે

અમદાવાદ, તા.૦૧

દિલ્લીની સામાજીક કાર્યકર્તા મધુ કિશ્વર સામે સસ્પેન્ડેડ ઉચ્ચ પોલીસ અધિકારી પ્રદીપ શર્મા દ્વારા દાખલ બદનક્ષીની ફરિયાદમાં જ્યુડિકશન નક્કી કરવા માટે અને દાવાને સ્વીકારવા અર્થે આવતીકાલે ચૂકાદો જાહેર કરવામાં આવશે.

ગુજરાત સરકાર દ્વારા માધુરીની જાસૂસી કરવાના મુદ્દે માહિતી જાણતા હોવાની શંકાના આધારે વિવિધ કારણોસર સસ્પેન્ડેડ કરાયેલા આઈપીએસ ઓફિસર પ્રદીપ શર્મા વિરૂદ્ધ સામાજીક કાર્યકર્તા મધુ કિશ્વર દ્વારા જાહેરમાં તેમજ ટ્વીટર પર અભદ્ર ટિપ્પણી કરવા બાબતે પ્રદિપ શર્મા દ્વારા અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં કરાયેલ બદનક્ષીની ફરિયાદમાં કોર્ટે જ્યુડીકશન મામલે પ્રદીપ શર્માના વકીલ દ્વારા દલીલો પૂર્ણ થઈ ગઈ છે. જજ એચ.જી. પંડ્યાએ જ્યુડીકશન નક્કી કરવા અર્થે અરજદારના વકીલ પાસે પુરાવા માંગ્યા હતા જેમાં વકીલે સીએનએન, આઈબીએન ટીવી ચેનલમાં પ્રકાશિત એપિસોડની સોફ્ટ કોપી પેનડ્રાઈવમાં જજને આપી હતી. આ કેસની વિગત એવી છે કે માધુરી જાસૂસી પ્રકરણમાં ગુજરાત સરકાર સામે પડેલા સસ્પેન્ડેડ આઈપીએસ ઓફિસર પ્રદીપ શર્મા વિરૂદ્ધ સામાજીક કાર્યકર મધુ કિશ્વરે જાહેરમાં અને ટ્વિટર પર કોમેન્ટ કરી હતી કે પ્રદીપ શર્મા ભ્રષ્ટાચારી અને ચારિત્ર્યહીન છે. કિશ્વર દ્વારા પ્રદીપ શર્મા વિરૂદ્ધ બોલાયા બાદ અમદાવાદના થલતેજમાં રહેતી પ્રદીપ શર્માની બહેન નિલમ શર્માએ સમગ્ર ઘટના અંગે પોતાના ભાઈને જાણ કરી હતી ત્યારબાદ પ્રદીપ શર્માએ સામાજીક કાર્યકર્તા મધુ કિશ્વરે ૨૨ નવેમ્બરે નોટિસ ફટકારી જાહેરમાં અભદ્ર ટિપ્પણી કરવા બદલ ખુલાસો કરવા જણાવ્યું હતું. મધુ કિશ્વરે પ્રદીપ શર્માની નોટિસ અંગે કોઈ પ્રતિક્રિયા ન આપતા અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં આઈપીસી-૪૯૯ હેઠળ બદનક્ષીની ફરિયાદ દાખલ કરી છે અને આઈપીસી-૫૦૦ હેઠળ સજા થાય તેવી માંગ કરી છે.

શબ્દાવલી - ૫૨૭૫



આડી ચાવી

૧. ઠાઠ-માઠ, ભપકો (૪)
૪. ચોરસ મીઠાઇનો ટૂકડો(૩)
૬. દિવાબત્તી તથા સાફસૂફી કરનાર ચાકર (૩)
૭. રગ, નસ (૨)
૮. અતિશય, ખૂબ વધારે (૪)
૧૦. બખ્તર (૩)
૧૧. શરીર પર કાળુ ટપકું હોય તે (૨)
૧૨. સાધુ, જૈન સાધુ (૨)
૧૪. હાઇબ્રીડ, ભેળસેળ (૩)
૧૫. મોકો, લાગ (૨)
૧૬. પંખીને ખાવા નંખાતા દાણા (૨)
૧૭. એક પવિત્ર વૃક્ષ (૨)
૧૯. રૂવાંટી, રૂંવા (૨)

ઊભી ચાવી

૧. દફન થવું તે, ઘટવું તે(૪)
૨. ત્રાડ, બૂમ (૩)
૩. '૧૦' નો આંકડો (૨)
૪. જુગટુ, દ્યુત (૩)
૫. લોઢું ઘડનાર (૩)
૮. ચાવવાનો જોરથી આવતો અવાજ (૬)
૯. સંભાળ, કાળજી (૪)
૧૦. રંગ (૩)
૧૧. મોકાનો લાભ લેનાર (૪)
૧૩. નિયમમાંથી છટકવાની યુક્તિ (૪)

શબ્દાવલી ૫૨૭૪ના જવાબ

આડી ચાવી :- (૧) ખજાનચી (૪) ખૂટલ (૬) તલવાર (૮) ડગ (૯) ઝડપી (૧૦) ઘડ (૧૨) જશ (૧૩) પરીવાર (૧૭) વાવ (૧૯) ઘાતક (૨૦) જડમૂળ (૨૨) રન (૨૩) નિક

ઊભી ચાવી :- (૧) ખખડધજ (૨) નત (૩) ચીલઝડપ (૪) ખુરપી (૫) લસણ (૭) વાડ (૧૧) ધાર (૧૪) રીવાજ (૧૫) વાવડ (૧૬) ચાકર (૧૮) બાળક (૧૯) ઘાસ (૨૧) મૂનિ

ધનસુરામાં ગાયત્રી પરિવાર દ્વારા સામૂહિક સત્યનારાયણ કથાનું આયોજન

બાયડ - ધનસુરા તાલુકા ગાયત્રી પરિવાર દ્વારા ધનસુરાની ઘનશ્યામનગર સોસાયટીમાં સામૂહિક સત્યનારાયણ કથાનું આયોજન તા. ૨૯મી કરવામાં આવ્યું હતું. ગાયત્રી પરિવારના સ્થાપક તપોનિષ્ઠ, વેદમૂર્તિ પંડિત પ.પૂ. શ્રીરામ શર્મા આચાર્યજીના સદૂવિચારો તેમજ આજના સમયની માંગ અનુસાર સત્યનારાયણ કથાને નવું સ્વરૂપ તેમજ નવી વિચારધારા આપીને રજૂ કર્યા હતા. આ સામૂહિક સત્યનારાયણ કથાનું રસપાન વ્યાસપીઠ પરથી ગાયત્રી પરિવારના સક્રીય કાર્યકર્તા શ્રી ચંદ્રકાંતભાઈ પંડ્યાની પ્રખરવાણી દ્વારા કરવામાં આવ્યું અને તેનો લાભ ૧૩૦ જોડાં અને ૪૦૦ પરિજનોએ લીધો હતો. જિલ્લા સંગઠક મનહરભાઈ પટેલ તેમજ ધનસુરાના ગાયત્રી પરીવાજનો મુકેશભાઈ શાહ, અરવિંદભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, દિલીપભાઈ પટેલ, હંસાબેન, કંચનબેન, જ્યોતિબેન, લાલાભાઈ ધોબી, જીતુભાઈ પરમાર, કનુભાઈ દરજી વિગેરે ભાઈ-બહેનોએ મુખ્ય યોગદાન રહ્યું હતું.

પાટનગર ઠંડુગાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રભાવિત જોવા મળ્યું હતું. સાંજ ઢળતા જ અસહ્ય કોલ્ડવેવના લીધે શહેરના માર્ગો પર સુનકાર જોવા મળ્યો હતો. ઠંડી અસહ્ય બનતા નગરજનો કોલ્વેવવથી બચવા ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા રહ્યા હતા. ઘરોમાં હીટરનો ઉપયોગ શરુ કરી દેવાયો છે. જયારે ખુલ્લા આકાશ નીચે ગુજારો કરતા શ્રમિકો તાપણીના સહારે ઠંડીથી રક્ષણ મેળવવા મથી રહ્યા છે. ઠંડીના કહેરના લીધે સવારે મોર્નિંગ વોકર્સની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. સૂસવાટા મારતા પવનના લીધે નગરજનો કામ સિવાય ઘરની બહાર નીકળવાનું ટાળે છે. ગ્રીનસીટીમાં વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડીનું મોજું ફરી વળતા આજે લવલી મૌસમનો નઝારો જોવા મળ્યો હતો. બીજી તરફ આકરી ઠંડીએ નગરજનોને ધ્રુજાવી દીધા છે. આજે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રી અને મહત્તમ ૨૨ ડીગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે અને સાંજે ૬૮ ટકા રહ્યું હતું.

માવઠુ થવાની સંભાવન.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસોમાં આસામ-બંગાળ સહિતના સ્થળોએ પણ પવનના તોફાન સાથે કમોસમી વરસાદની વકી રહે. દક્ષિણ ભારતમાં ઉષ્ણતામાનનો પારો ઉંચો રહે. પરંતુ દ. ભારતમાં પણ વરસાદની સંભાવના રહે. તા. ૬ થી ૮ માં પણ હવામાનમાં પલ્ટો જોવા મળશે. અને લઘુત્તમ ઉષ્ણતામાનમાં વધારો થવા છતાં ઠંડીનો ચમકારો રહેશે. કેટલાક ભાગોમાં હીમયુકત પવનો જણાય અને કોઈ કોઈ ભાગોમાં માવઠું થવાની પણ વકી રહે. તા. ૮/૯ અને ૧૦માં હજુ પણ ગાત્રો થીજવતી ઠંડીનો ચમકારો અનુભવાશે. ઉત્તર ગુજરાતના ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાન ૨૫ ડીગ્રીથી પણ નીચું જવાની વકી રહે. સાથો સાથે ધુમ્મસના લીધે વાહન વ્યવહાર પર પણ અસર જણાય. દિલ્હી સહિતના ઉત્તરીય ભાગોમાં કોઈ કોઈ ભાગોમાં ઉષ્ણતામાનનો પારો ૫ ડીગ્રીથી નીચે અને કોઈ કોઈ ભાગમાં લઘુત્તમ ઉષ્ણતામાનનો પારો ૩ ડીગ્રીથી પણ નીચે જવાની વકી રહે. હીમાલયના ટોચના ભાગો તેમજ જમ્મુના કેટલાક ભાગો બરફથી થીજી જવાની પણ વકી રહે. જેથી ઉત્તરીય ભાગોમાં વાહન વ્યવહાર પર અસર જણાય. આ આગાહી ઉત્પાત્ત સંબંધી નથી પરંતુ શિયાળામાં આ ઠંડીની શરૂઆત ઘઉં જેવા રવિ પાકો માટે સારી ગણાય. આ અગાહી કૃષિ લક્ષી ખાસ કરીને જણાવેલ છે. અને માત્ર વિચાર વિનિમિય ભૌગોલિક બાબતો તેમજ અન્ય કુદરતી બાબતોનો સમન્વય માત્ર ગણી શકાય.

રોજગારીની તક

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. આમ કુલ મળીને અઢી લાખથી અધિક યુવાનોને સરકારી ભરતીના અવસરો વર્ષવાર પ્રાપ્ત થતી રહેશે.

તેમણે જણાવ્યું કે આ ગર્વમેન્ટ રિક્રુટમેન્ટ કેલેન્ડરથી સરકારી સેવાઓમાં ભરતી માટે ગુજરાત સરકાર અગ્રીમ રોજગાર દાતા બની રહેશે. રાજ્ય સરકારના આ આવનારા દશકાના ભરતી કેલેન્ડરને પરિણામે, આગામી ૨૦૧૪ના એક વર્ષમાં ૩૬૦૦૦ વિવિધ જગ્યાઓ તથા અને ૨૦૧૫માં ૨૦૪૦૦ વિવિધ જગ્યાઓ માટે ગુજરાતના યુવાશક્તિને સરકારી અને અર્ધસરકારી ક્ષેત્રે રોજગાર અવસરો મળવાના છે. મુખ્યમંત્રી જાહેર સેવાઓની પબ્લીક ડીલીવરી સિસ્ટમમાં ગુણાત્મક બદલાવ અને કૌશલ્યવાન યુવાનોને અવસર આપવા પ્રતિબધ્ધ છે એવી અનુભૂતિ આ ગર્વમેન્ટ રિક્રુટમેન્ટ કેલેન્ડરમાં થશે. રાજ્ય સરકારની સેવાઓમાં કૌશલ્યદક્ષ, યુવાશક્તિને તકો આપવાના હેતુથી મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ સામાન્ય વહીવટ વિભાગે સતત એક વર્ષ સુધી નાણાં વિભાગ અને અન્ય વિભાગોના પરામર્શ-સંકલનમાં રહીને સંબંધીત વિભાગોની કાર્યપદ્ધતિને અનુરૂપ યોગ્ય માનવબળ મળી રહે અને મહત્તમ યુવાનોનો રોજગાર અવસરો પ્રાપ્ત થાય તેવું સુદ્રઢ આયોજન આ રિક્રુટમેન્ટ કેલેન્ડરના માધ્યમથી હાથ ધર્યું છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે ભારત સરકાર અને અન્ય રાજ્યોની સરકારોએ અનેક વહીવટી સુધારણા પંચો અને સમિતિઓની રચના કરી છે અને તેની ભલામણો અનુસાર વૈજ્ઞાનિક પદ્ધતિએ ભરતી પ્રક્રિયા અને તકોનું વ્યવસ્થાપન હજુ અનિર્ણાયક તબક્કે છે ત્યારે ગુજરાતની નરેન્દ્ર મોદીની સરકારે રાજ્ય સેવાઓને વદુ પરિણામલક્ષી, જવાબદેહ અને પ્રજાલક્ષી બનાવવાના ઉમદા હેતુથી પદ્ધતિસરના વૈજ્ઞાનિક અભિગમ સાથે આગામી ૧૦ વર્ષનું આ મેનપાવર પ્લાનિંગ કર્યું છે અને રાજ્ય સેવાની વિવિધ કેડર્સમાં મહત્તમ યુવા રોજગાર અવસરો પ્રાપ્ત થાય તે માટેની પારદર્શી પ્રક્રિયા અનિશ્ચિત કરી છે.

સર્વેની કામગીરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ ૬ મહિનાના લાંબા સમયગાળાના અંતે પણ સર્વેની કામગીરી માત્ર ૬૦ટકા જ પૂર્ણ થઈ છે. પ્રાપ્ય માહિતી અનુસાર સર્વેની પ્રક્રીયા અધુરી છોડી દેવાતા સેકટરોના તમામ આવાસોના કબજેદારોની સંપૂર્ણ ડેટા સાથેની યાદી તૈયાર કરવાની કામગીરી પૂર્ણ થઈ શકી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર સર્વેની કામગીરી પૂર્ણ થતા હજુ સમય લાગશે.

ટોક ઓફ ધ ટાઉન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેજરીવાલનો જનસામાન્ય ચહેરો અને સાદગી તરફ દેશના નાગરિકો આકર્ષાઈ રહ્યા છે...! ૧૯૪૭માં દેશને અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદી મળી હતી તો ૨૦૧૪ના વર્ષમાં કહેવાતું આઝાદ ભારત ભ્રષ્ટાચાર અને મોંઘવારીના ચુંગલમાંથી મુકિત ઈચ્છી રહ્યું છે. જેવો ઉત્સાહ આઝાદીના વર્ષમાં હતો તેવો જ ઉત્સાહ હાલ યુવાનોના હૈયાઓને રાજકારણમાં બદલાવ લાવી રીઢા રાજકારણીઓને કોરાણે મુકવા તરફ જોતરી રહ્યો છે...! નિરાશાનું વતાવરણ ધીમે ધીમે જેમ સૂર્ય નીકળતા ધુમ્મસ ઓગળે તેમ ઓગળી રહ્યું છે.

ઈ.સ. ૧૯૪૭ના વર્ષમાં આવતા તમામ વાર અને તારીખ યોગનુયોગ ૨૦૧૪ના વર્ષમાં આવતા વાર અને તારીખ મુજબ જ બનતા લોકો અનોખો રોમાંચ અનુભવી રહ્યા છે. એસ.એમ.એસ., ફેસબુક અને વોટસઅપ ઉપર અગાઉથી જ જાણકારી પ્રાપ્ત થઈ ગઈ હોવાથી એકબીજાને આ બાબતની આપ લે કરી ૨૦૧૪ વર્ષ બાબતે સરકાર તરફથી કેવી પ્રતિક્રિયા રહે છે તે જાણવાની કુતુહલતા લોકોમાં જોવા મળી રહી છે.

ભારત દેશ માટે ઈ.સ. ૧૯૪૭નું વર્ષ એ યાદગાર વર્ષ બની ગયું છે. અને દેશના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે કંડારાઈ ગયું છે. જેથી પ્રજાજનોના માનસ પટલ ઉપર આ વર્ષ છવાયેલું રહે છે. પરંતુ કુદરતી સંયોગ અને યોગાનું યોગ હાલનું ૨૦૧૪નું વર્ષ પણ ૧૯૪૭ના વર્ષના કેલેન્ડર મુજબ બનતા લોકોમાં અનોખી ઘટના બની હોય તેવો રોમાંચ ઉભો થયો છે. જેથી ૨૦૧૪નું વર્ષ શરૂ થાય તે પહેલાં જ ૧૯૪૭ના વર્ષના કેલેન્ડરને ફંફોસી તારીખ, વારની સમાનતા જોઈ સૌ કોઈ અચંબામાં પડી જઈ તેની જાણકારી એસએમએસ, ફેસબુક, વોટસએપ અને ઈમેલ દ્વારા એકબીજાને આપી આઝાદીની આગોતરી શુભેચ્છા પાઠવી દીધી છે.

૧૯૪૭માં ઉજવાયેલા સ્વાતંત્ર્ય દિન બાદ ૬૭ વર્ષ પછી ૨૦૧૪માં એજ દિવસ, એજ તારીખ અને એજ વારે સ્વાતંત્ર્ય દિન ઉજવાશે જેથી આ આઝાદીના પર્વને ઉજવવાનો ઉમંગ બમણો થઈ જવાની સંભાવના સૌ કોઈ વ્યકત કરી રહ્યું છે. ૧૯૪૭માં ભારતની આઝાદી માટે શહીદ થયેલા શહીદવીરોની યાદ, શહીદ દિન પણ તારીખ, વાર મુજબ જ આવતા ૨૦૧૪નું વર્ષ કુતુહલથી ભરેલું જશે તે નિર્વિવાદ બાબત બની છે.